

તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું મેગેઝિન

# જાન્યુઆરી Part 1

## 2026

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ

## CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

**CCE | TAT | TET | HTAT**

# Most Imp Current Affairs – 1 TO 15 January 2026

## 1 જાન્યુઆરી

- એર માર્શલ **તેજિન્દર સિંહે** ભારતીય વાયુસેનાના દક્ષિણ પશ્ચિમ વાયુ કમાન્ડના વડા તરીકેનો કાર્યભાર સંભાળ્યો.

- સાગરમાલા ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ (SMFCL) એ લોન વિતરણ શરૂ કર્યું. તે ભારતની **પ્રથમ નોન-બેંકિંગ નાણાકીય કંપની** છે જે **દરિયાઈ ક્ષેત્ર** સાથે જોડાયેલી છે. SMFCL ને મેરીટાઇમ ડેવલપમેન્ટ ફંડ માટે નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે, જેનું કુલ ભંડોળ ₹25,000 કરોડ છે.

- કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી જેપી નડ્ડાએ **ઈ-બિલ સિસ્ટમનું** ઉદ્ઘાટન કર્યું. આ સિસ્ટમ સરકારને **ખાતર સબસિડીની** પ્રક્રિયા કરવામાં સક્ષમ બનાવશે. તે આશરે 2 લાખ કરોડ રૂપિયાના સબસિડી વ્યવહારો પર પ્રક્રિયા કરશે. સિસ્ટમમાં દરેક પ્રવૃત્તિ આપમેળે રેકોર્ડ થાય છે અને આ રેકોર્ડ્સ ઓડિટિંગ અને જવાબદારીમાં મદદ કરે છે.

- ભારતની પ્રથમ બુલેટ ટ્રેન **મુંબઈ - અમદાવાદ** વચ્ચે 15 ઓગસ્ટ, 2027થી શરૂ થશે. ભારતનો પહેલો બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અમદાવાદ અને મુંબઇ વચ્ચે નિર્માણાધીન છે. તેનો પહેલો વિભાગ સુરતથી બીલીમોરા સુધી ખુલશે. સુરતથી બીલીમોરા સેક્શન પછી, વાપીથી સુરત સેક્શન ખોલવામાં આવશે. આ પછી વાપીથી અમદાવાદ સેક્શન, ત્યારબાદ થાણેથી અમદાવાદ સેક્શન અને છેલ્લે મુંબઈથી અમદાવાદ સેક્શન ખુલશે. નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન 508 કિમી લાંબા કોરિડોરનું નિર્માણ કરી રહ્યું છે. પૂર્ણ થયા પછી, કોરિડોરમાં મુંબઈ, થાણે, વિરાર, બોઈસર, વાપી, બીલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ અને સાબરમતી સહિત **12 સ્ટેશન હશે**. બુલેટ ટ્રેન મુંબઈ અને અમદાવાદ વચ્ચેનું અંતર કાપવામાં 1 કલાક 58 મિનિટનો સમય લેશે. જાપાન ઇન્ટરનેશનલ કો- ઓપરેશન એજન્સી પ્રોજેક્ટ ખર્ચનો 81% હિસ્સો ભોગવી રહી છે.

- **ગોવામાં** વહીવટી કાર્યક્ષમતા સુધારવાના ઉદ્દેશ્યથી રાજ્ય સરકારે **કુશાવતી** નામનો ત્રીજો જીલ્લો બનાવ્યો. તેનું મુખ્ય મથક **ક્વેપેમ** ખાતે સ્થિત હશે. હાલમાં, ગોવામાં બે જિલ્લાઓ છે, ઉત્તર ગોવા અને દક્ષિણ ગોવા.

## 2 જાન્યુઆરી

- રશિયન સંરક્ષણ મંત્રાલયે બેલારૂસમાં **ઓરેશ્નિક મિસાઇલ સિસ્ટમ** સક્રિય સેવામાં સામેલ કરવા બાબતે પુષ્ટિ કરી. ઓરેશ્નિક એક મધ્યમ અંતરની બેલિસ્ટિક મિસાઇલ છે. તે 500થી 5500 કિલોમીટરનું અંતર કાપી શકે છે અને મેક 10ની ટોચની ગતિ સુધી પહોંચી શકે છે. નવેમ્બર 2024માં, ઓરેશ્નિકનો ઉપયોગ યુક્રેનિયન શહેર **ડિનિપ્રો** પર હુમલો કરવા માટે કરવામાં આવ્યો હતો. બેલારુસ પૂર્વી યુરોપમાં આવેલો એક ભૂમિગત દેશ છે. તેની રાજધાની મિન્સ્ક છે. તે પૂર્વ અને ઉત્તરપૂર્વમાં રશિયાથી ઘેરાયેલો છે.

- ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર હ્યુગ મોરિસનું નિધન થયું.

- 11મી ભારતીય આંતરરાષ્ટ્રીય યુવા સેઇલિંગ ચેમ્પિયનશિપ 2026 ચેન્નાઈ બંદર ખાતે યોજાશે. આ ભારતની સૌથી લાંબી ચાલતી આંતરરાષ્ટ્રીય યુવા સેઇલિંગ સ્પર્ધા છે. આ ચેમ્પિયનશિપનું આયોજન તમિલનાડુ સેઇલિંગ એસોસિએશન (TNSA) દ્વારા કરવામાં આવે છે.

- SBI મ્યુચ્યુઅલ ફંડના રિપોર્ટ અનુસાર વર્ષ 2027માં ભારતની GDP લગભગ 11% પહોંચવાનું અનુમાન છે, પરંતુ વાસ્તવિક વૃદ્ધિ 7.2% સુધી પહોંચે તેવી આશા છે.

## 3 જાન્યુઆરી

- કવયિત્રી અને સમાજસેવિકા **સાવિત્રીબાઇ ફૂલેની** 3 જાન્યુઆરીએ જન્મજયંતી ઉજવવામાં આવે છે. તેઓને **આધુનિક ભારતનાં પ્રથમ મહિલા શિક્ષક** માનવામાં આવે છે. તેમનાં લગ્ન માત્ર 10 વર્ષની વયે સમાજ સુધારક **જ્યોતિરાવ ફૂલે** સાથે થયાં હતાં. મહારાષ્ટ્રની મહિલાઓના અધિકાર અને શિક્ષણને વેગ આપવા માટે તેઓ જાણીતાં હતાં. તેમણે **તાત્યા ભીડેના** નિવાસ સ્થાને દેશની **પ્રથમ બાલિકા વિદ્યાલયની** સ્થાપના કરી હતી.

- ભારત સરકારના આયુષ મંત્રાલયે 3 જાન્યુઆરીના રોજ ચેન્નાઈના કલાઈવાનર અરંગમ ખાતે **9મો સિદ્ધ દિવસ** ઉજવ્યો. આ કાર્યક્રમનો વિષય **'વૈશ્વિક સ્વાસ્થ્ય માટે સિદ્ધ દવા'** હતો. આ કાર્યક્રમનું આયોજન **ઋષિ અગસ્ત્યની** જન્મજયંતીની ઉજવણી માટે કરવામાં આવ્યું હતું. અગસ્ત્ય ઋષિને **સિદ્ધ ઔષધિના પિતા** માનવામાં આવે છે.

- આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ **ગુવાહાટીમાં** ઉદાસીન ભક્તો માટે નાણાકીય સહાય યોજના શરૂ કરી. રાજ્યભરના સત્રો સાથે સંકળાયેલા બ્રહ્મચારી વૈષ્ણવ સાધુઓને **દર મહિને ₹ 1,500** ની નાણાકીય સહાય આપવામાં આવશે. આસામી વૈષ્ણવ પરંપરામાં સત્રો મહત્વપૂર્ણ ધાર્મિક અને સાંસ્કૃતિક કેન્દ્રો છે. **ઉદાસીન** સત્રો એ છે જ્યાં ભક્તો ભક્તિમય બ્રહ્મચર્યનું પાલન કરે છે. વિશ્વનો સૌથી મોટો નદી ટાપુ **માજુલી**, આસામી નવ-વૈષ્ણવ ધર્મનું મુખ્ય કેન્દ્ર અને સત્રોની ભૂમિ છે.

- **આસામ** 8મા રાજ્ય પગાર પંચની રચના કરનાર પ્રથમ ભારતીય રાજ્ય બન્યું.

- વડાપ્રધાન મોદીએ નવી દિલ્હીના રાય પિથોરા સાંસ્કૃતિક સંકુલમાં ગૌતમ બુદ્ધના પવિત્ર પિપરહવા અવશેષોના આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રદર્શનનું શીર્ષક **'પ્રકાશ અને કમળ: પ્રબુદ્ધ વ્યક્તિના અવશેષો'** છે. પિપરહવા અવશેષો 1898માં મળી આવ્યા હતા. તે ગૌતમ બુદ્ધ સાથે સીધા સંકળાયેલા સૌથી જૂના અવશેષોમાંના એક છે. પુરાતત્વીય પુરાવા પિપરહવા સ્થળને પ્રાચીન **કપિલવસ્તુ** સાથે જોડે છે. કપિલવસ્તુ ખાતે બુદ્ધે સંન્યાસ લેતાં પહેલાં પોતાનું પ્રારંભિક જીવન વિતાવ્યું હતું.

- એર માર્શલ **નાગેશ કપૂર** ભારતીય વાયુ સેનાના ઉપ પ્રમુખ નિયુક્ત થયા. તેઓ એર માર્શલ નર્મદેશ્વર તિવારીનું સ્થાન લેશે.

- **3 જાન્યુઆરીએ** ભારતના **પ્રથમ મહિલા સ્વાતંત્ર્ય સેનાની રાણી વેલુ નાચિયારનો** જન્મ દિવસ મનાવવામાં આવે છે. **'વીરમંગાઈ'** રાણી વેલુ નાચિયારનો જન્મ 3 જાન્યુઆરી 1730ના રોજ થયો હતો. તે

મદ્રાસ પ્રેસિડેન્સીના મદુરા જિલ્લાના રામનાદ પેટા વિભાગમાં કાયમી રીતે સ્થાયી થયેલી જમીનદારી એસ્ટેટ, શિવગંગા એસ્ટેટની રાણી હતી. તે ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે યુદ્ધ કરનારી પહેલી ભારતીય રાણી હતી. તમિલો તેમને ગર્વથી **વીરમંગાઈ (બહાદુર સ્ત્રી)** તરીકે ઓળખે છે.

## 4 જાન્યુઆરી

- 4 જાન્યુઆરીએ વિશ્વ બ્રેઇલ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ બ્રેઇલ લિપિના શોધક **લુઇસ બ્રેઇલનો** જન્મદિવસ છે. દૃષ્ટિહીન લોકો માટે એસોસિએશન દ્વારા **'વધુ બ્રેઇલ, વધુ સશક્તિકરણ'** નામનું સંયુક્ત બ્રેઇલ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.
- આયુષ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (AYUSHEXCIL)ની ચોથી સ્થાપના વર્ષગાંઠ 4 જાન્યુઆરીના **નવી દિલ્હીમાં** ઉજવવામાં આવી.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે **આંદામાન અને નિકોબાર ટાપુઓમાં** 373 કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.
- **ભારત** ચોખાના કુલ ઉત્પાદનમાં ચીનને પાછળ છોડીને વિશ્વનો સૌથી મોટો ઉત્પાદક દેશ બન્યો. ભારતમાં ચોખાનું ઉત્પાદન 150.18 મિલિયન ટન હતું, જ્યારે ચીનનું ઉત્પાદન 145.28 મિલિયન ટન હતું.
- રાષ્ટ્રીય રાજધાનીમાં કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે દ્વારા 25 પાકોની કુલ 184 સુધારેલી જાતોનું અનાવરણ કર્યું. આ જાતો **ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR)** દ્વારા વિકસાવવામાં આવી છે.

## 5 જાન્યુઆરી

- માહિતી અને પ્રસારણ મંત્રાલયે **'બદલતા ભારત મેરા અનુભવ'** અભિયાન હેઠળ આયોજિત ચાર સર્જનાત્મક સ્પર્ધાઓના વિજેતાઓના નામ જાહેર કર્યા છે. આ ચાર સર્જનાત્મક સ્પર્ધાઓ MyGov પ્લેટફોર્મના સહયોગથી યોજાઇ હતી. **ઇન્દ્રજીત સુબોધ મશાંકરે** 'ચેન્જિંગ ઇન્ડિયા માય એક્સપિરિયન્સ' - ઇન્સ્ટાગ્રામ રીલ કોન્ટેસ્ટ કેટેગરીમાં પ્રથમ ઇનામ જીત્યું. **મંથન રોહિતે** 'બદલતા ભારત મેરા અનુભવ' YouTube શોર્ટ્સ કોન્ટેસ્ટ કેટેગરીમાં પ્રથમ ઇનામ જીત્યું. **સુશોવન મન્નાએ** 'શોર્ટ એવી ચેલેન્જ સ્ટોરી ઓફ ન્યૂ ઈન્ડિયા' શ્રેણીમાં પ્રથમ ઇનામ જીત્યું. **ક્રિષ્ના ગુપ્તાએ** 'બદલતા ભારત મેરા અનુભવ' બ્લોગ લેખન સ્પર્ધાની શ્રેણીમાં પ્રથમ ઇનામ જીત્યું હતું.
- ભારતે **મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પરિયોજના** માટે **તેની પ્રથમ પર્વતીય સુરંગનું** સફળતાપૂર્વક નિર્માણ કર્યું. મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં સ્થિત **માઉન્ટેન ટનલ-5માં** આ નિર્માણ કરવામાં આવ્યું છે. આ ટનલ **વિરાર અને બોઇસર** બુલેટ રેલ્વે સ્ટેશનો વચ્ચે આવેલી છે. તેની કુલ લંબાઈ લગભગ 1.5 કિલોમીટર છે. આ પ્રોજેક્ટમાં કુલ આઠ પર્વતીય ટનલનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રમાં સાત પર્વતીય ટનલ આવેલી છે અને એક પર્વતીય ટનલ ગુજરાતમાં આવેલી છે. મુંબઈ-અમદાવાદ હાઇ-સ્પીડ રેલ કોરિડોર ગુજરાત અને દાદરા અને નગર હવેલીમાં 352 કિમી અને મહારાષ્ટ્રમાં 156 કિમી સુધી ફેલાયેલો છે. તે સાબરમતી, અમદાવાદ, વડોદરા, સુરત, વાપી, બોઈસર, વિરાર, થાણે અને મુંબઈ સહિતના મોટા શહેરોને જોડશે.

- **ટેનિસમાં,** અમેરિકન ખેલાડી **વિનસ વિલિયમ્સ** 45 વર્ષની ઉંમરે ઓસ્ટ્રેલિયન ઓપનના મુખ્ય ડ્રોમાં રમનારી સૌથી મોટી ઉંમરની મહિલા બનશે. તે સાત વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન છે અને તેને મહિલા સિંગલ્સ ટુર્નામેન્ટમાં વાઇલ્ડકાર્ડ એન્ટ્રી આપવામાં આવી છે. આ સાથે, વિનસ વિલિયમ્સ જાપાનની કિમિકો ડેટનો રેકોર્ડ તોડશે. કિમિકો ડેટે 44 વર્ષની ઉંમરે 2015માં ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભાગ લીધો હતો.

- **મહેશ શરદચંદ્ર સોનકની** ઝારખંડ હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવી.

## 6 જાન્યુઆરી

- કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહે ભારતના સૌથી મોટા સંકલિત **ઇનલેન્ડ રેઈન્બો ટ્રાઉટ ફાર્મનું** ઉદ્ઘાટન કર્યું. આ ફાર્મ **તેલંગાણાના રંગા રેડ્ડી જિલ્લામાં** આવેલું છે. આ ફાર્મ સ્ટાર્ટઅપ સ્માર્ટગ્રીન એક્વાકલ્ચર દ્વારા સ્થાપિત કરવામાં આવ્યું છે. આ ફાર્મ **ઠંડા પાણીની માછલી, રેઈન્બો ટ્રાઉટને ઉછેરવા પર ધ્યાન કેન્દ્રિત** કરે છે. આ પ્રોજેક્ટ દ્વારા, અધતન ઇજનેરી પદ્ધતિઓનો ઉપયોગ કરીને ડેક્કન પ્લેટુના ગરમ વાતાવરણમાં ટ્રાઉટ માછલીની ખેતી શક્ય બનશે. સામાન્ય રીતે, ભારતમાં ટ્રાઉટ માછલીની ખેતી ફક્ત **હિમાલયના** પ્રદેશો સુધી મર્યાદિત રહી છે, જે તેમના ઠંડા પાણી માટે જાણીતા છે.

- નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિત શાહ દ્વારા NDDB ફાઉન્ડેશન ફોર ન્યુટ્રિશનના રાષ્ટ્રીય CSR પરિષદનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું**. 'પોષણ સુરક્ષા અને કુપોષણ નિવારણમાં કોર્પોરેટ સામાજિક જવાબદારીની ભૂમિકા'** શીર્ષક ધરાવતી આ પરિષદનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય બાળ પોષણ માટે સહયોગી અને ટકાઉ વ્યૂહરચનાઓની ચર્ચા કરવાનો છે. આ કાર્યક્રમ છત્તીસગઢ સ્થિત SAIL-ભિલાઈ સ્ટીલ પ્લાન્ટની CSR પહેલ હેઠળ આવે છે. ભિલાઈના ખાણકામ પ્રભાવિત વિસ્તારોમાં આવેલી સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા લગભગ ચાર હજાર બાળકોને આનો લાભ મળશે. આ પહેલ હેઠળ, વિટામિન A અને D થી સમૃદ્ધ સ્વાદવાળું દૂધ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ દૂધ NDDB દ્વારા સંચાલિત **છત્તીસગઢ મિલ્ક ફેડરેશન** દ્વારા પૂરું પાડવામાં આવશે.

- અમિત શાહે **IDBI બેંકના** CSR કાર્યક્રમ હેઠળ **શિશુ સંજીવની કાર્યક્રમ** શરૂ કર્યો. આ યોજના હેઠળ, મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં સ્થિત આંગણવાડી કેન્દ્રોમાં અભ્યાસ કરતા લગભગ ત્રણ હજાર બાળકોને પોષણ સહાય પૂરી પાડવામાં આવશે. NDDB દ્વારા વિકસિત, શિશુ સંજીવની એક પોષણયુક્ત પૂરક છે.

- **ભારતીય સેનાએ** ભવિષ્યની યુદ્ધ તૈયારીઓને મજબૂત બનાવવા માટે **2026ને 'નેટવર્કિંગ અને ડેટા સેન્ટ્રિસિટીનું વર્ષ'** તરીકે જાહેર કર્યું છે. આ પહેલનો ઉદ્દેશ્ય સમગ્ર સેનામાં કનેક્ટિવિટી, રીઅલ-ટાઇમ નિર્ણય લેવાની ક્ષમતાઓ અને એકંદર લડાઇ અસરકારકતા વધારવાનો છે. આ જાહેરાત **2024-25ને 'ટેકનોલોજી શોષણ વર્ષ'** તરીકે જાહેર કર્યા પછી કરવામાં આવી છે, જે તબક્કાવાર આધુનિકીકરણ અભિગમને પ્રતિબિંબિત કરે છે.

- કર્ણાટકના **વિજયનગર** જિલ્લામાં પહેલી વાર એક અત્યંત દુર્લભ રંગનો ચિતો જોવા મળ્યો છે. સંરક્ષણવાદીઓએ આ ચિત્તાનું નામ **'ચંદન ચિત્તો'** રાખ્યું છે, જે તેના વિશિષ્ટ આછા લાલ-ગુલાબી ફરથી પ્રેરિત છે, જે ચંદનના રંગ જેવું લાગે છે અને તેના પર આછા ભૂરા રંગના ફોલ્લીઓ છે. ભારતમાં આ

પ્રકારનો બીજો અને રાજ્યમાં પહેલો કિસ્સો છે. આ પહેલાં નવેમ્બર 2021માં રાજસ્થાનમાં પણ આ પ્રકારનો ચિત્તો જોવા મળ્યો હતો. વૈશ્વિક સ્તરે, આ પ્રકારના ચિતા દક્ષિણ આફ્રિકા, તાંઝાનિયા અને ભારતમાં જ જોવા મળ્યા છે. ચિત્તાનો અસામાન્ય રંગ હાઇપોમેલેનિઝમ અથવા એરિથ્રિઝમ જેવાં આનુવંશિક લક્ષણોને કારણે હોવાનું માનવામાં આવે છે.

- ભારતીય વૈજ્ઞાનિકોએ 3D પ્રિન્ટિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સ્વદેશી રીતે બનાવેલા ઓટોમેટિક વેધર સ્ટેશન (AWS) વિકસાવ્યાં. આ પહેલ સરકારના મહત્વાકાંક્ષી મિશન મોન્સૂનનો એક ભાગ છે, જે ₹ 2,000 કરોડનો કાર્યક્રમ છે જેનો હેતુ ભારતની હવામાન દેખરેખ અને આગાહી ક્ષમતાઓને સુધારવાનો છે. આ પ્રોજેક્ટ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય હેઠળ પૂણે સ્થિત ભારતીય ઉષ્ણકટિબંધીય હવામાનશાસ્ત્ર સંસ્થા (IITM) દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. આગામી છ મહિનામાં, દિલ્હી, મુંબઇ, કોલકાતા અને ચેન્નાઇ જેવાં શહેરોમાં AWS અને રડાર ઇન્સ્ટોલેશનનો ઝડપથી વિકાસ થવાની અપેક્ષા છે. આ સિસ્ટમના માધ્યમથી તાપમાન, પવન, ભેજ અને વરસાદ જેવાં પરિમાણો વધુ સ્થળોએ રેકોર્ડ કરવામાં આવશે.

- ભારતના પ્રથમ સ્વદેશી રીતે નિર્મિત **પ્રદૂષણ નિયંત્રણ જહાજ, ICGS સમુદ્ર પ્રતાપને** ગોવામાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ દ્વારા કાર્યરત કરવામાં આવ્યું. 60%થી વધુ સ્વદેશી ઘટકો સાથે, સમુદ્ર પ્રતાપને ભારતીય કોસ્ટ ગાર્ડના કાફલામાં સૌથી મોટા જહાજ તરીકે સામેલ કરવામાં આવ્યું છે. સમુદ્ર પ્રતાપ નામના આ જહાજનો અર્થ **'સમુદ્રનો રાજા'** થાય છે.

- ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સની બીજી આવૃત્તિ **દીવના ઘોઘલા બીચ** પર આયોજિત કરવામાં આવી. આ રમતોનું આયોજન કેન્દ્રશાસિત પ્રદેશો દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય દેશભરમાં બીચ અને સ્વદેશી રમતોને પ્રોત્સાહન આપવાનો છે.

## 7 જાન્યુઆરી

- રાષ્ટ્રીય કાપડ મંત્રીઓની પરિષદનું આયોજન **ગુવાહાટી, આસામ** ખાતે કરવામાં આવ્યું. આ પરિષદનો વિષય **'ભારતનો કાપડ ઉદ્યોગ: વિકાસ, વારસો અને નવીનતાનો સંગમ'** છે. ભારત 2030 સુધીમાં વૈશ્વિક કાપડ ઉત્પાદન કેન્દ્ર બનવાનું લક્ષ્ય રાખે છે.

- ભારતીય વૈજ્ઞાનિકોએ **એમપેમ્બા અસરને** સમજવા માટે પ્રથમ સુપર કોમ્પ્યુટર-આધારિત સિમ્યુલેશન વિકસાવ્યું, જે સમજાવે છે કે શા માટે ગરમ પાણી ક્યારેક ઠંડા પાણી કરતાં ઝડપથી થીજી જાય છે. આ અસામાન્ય વર્તનને એમપેમ્બા અસર કહેવામાં આવે છે. આ અભ્યાસ જવાહરલાલ નેહરુ સેન્ટર ફોર એડવાન્સ્ડ સાયન્ટિફિક રિસર્ચના સંશોધકો દ્વારા કરવામાં આવ્યો હતો. સિમ્યુલેશન્સ એ પણ દર્શાવે છે કે પાણી સિવાયના અન્ય પદાર્થોમાં પણ સમાન અસરો થઇ શકે છે.



- BIMSTEC દેશો માટે વિશિષ્ટ કેન્સર સંભાળ તાલીમ કાર્યક્રમનો બીજો તબક્કો વિશાખાપટ્ટનમમાં શરૂ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ વિશાખાપટ્ટનમ સ્થિત હોમી ભાભા કેન્સર હોસ્પિટલ અને સંશોધન કેન્દ્ર (HBCHCRC) ખાતે શરૂ કરવામાં આવ્યો.
- પૂર્વ વિશ્વ બિલિયર્ડ્સ ચેમ્પિયન મનોજ કોઠારીનું ઉંમરે નિધન થયું.

## 8 જાન્યુઆરી

- વ્યવસાયિક રીતે **બાયો બીટ્યુમિનનું** ઉત્પાદન કરનાર ભારત **વિશ્વનો પ્રથમ દેશ** બન્યો. બાયો-બિટ્યુમેનનો ઉપયોગ **રસ્તાના બાંધકામમાં** થાય છે. તે ક્રૂડ ઓઇલમાંથી મેળવાતા પરંપરાગત બિટ્યુમેનનો વિકલ્પ છે. આ નિર્માણ કૃષિ કચરાને ઉપયોગી સંસાધનોમાં રૂપાંતરિત કરવામાં મદદરૂપ થશે અને **'વેસ્ટ ટુ વેલ્થ'** મિશનને સમર્થન આપશે.
- ભારતની પ્રથમ હાઇડ્રોજન સંચાલિત ટ્રેન **હરિયાણામાં** શરૂ થશે. આ પ્રોજેક્ટ ઉત્તરી રેલ્વે દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે અને તે જીંદ-સોનીપત રૂટ પર દોડશે. જીંદમાં સ્થાપિત હાઇડ્રોજન પ્લાન્ટ માટે 11 kW નો સ્થિર અને અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે સ્થાપિત હાઇડ્રોજન પ્લાન્ટ 3,000 કિલોગ્રામની સંગ્રહ ક્ષમતા ધરાવે છે. ટ્રેન માટે હાઇડ્રોજનનું ઉત્પાદન ઇલેક્ટ્રોલિસિસ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- **રમેશ કુમાર જુનેજાએ** કાઉન્સિલ ફોર લેધર એક્સપોર્ટ્સ (CLE)ના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો.
- પંચાયતી રાજ મંત્રાલયે **પૂણેના યશદા** ખાતે મોડેલ મહિલા-મૈત્રીપૂર્ણ ગ્રામ પંચાયતો માટે શ્રેષ્ઠ પ્રથાઓ પર બે દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કર્યું. આ કાર્યક્રમનો ઉદ્દેશ ગ્રામ પંચાયતોના ક્ષમતા નિર્માણ દ્વારા પાયાના સ્તરે લિંગ સમાનતા અને મહિલા સશક્તિકરણને મજબૂત બનાવવાનો છે. આ કાર્યક્રમમાં પાંચ વિષયો, શાસનમાં ભાગીદારી, આરોગ્ય અને પોષણ, શિક્ષણ અને કૌશલ્ય, આર્થિક તકો અને સુરક્ષાનો સમાવેશ થાય છે.
- આંધ્રપ્રદેશમાં **બેંગલુરુ-કડાપા-વિજયવાડા એક્સપ્રેસ વેના** નિર્માણ દરમિયાન નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (NHAI) દ્વારા બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યા. આ રેકોર્ડ રાજપથ ઇન્ફ્રાકોન પ્રાઇવેટ લિમિટેડ દ્વારા બનાવવામાં આવ્યા હતા. પહેલો રેકોર્ડ 24 કલાકની અંદર લગભગ 29 લેન-કિલોમીટર બિટ્યુમિનસ કોંક્રિટ સતત નાખવામાં આવી, જે એક દિવસમાં કાપવામાં આવેલું સૌથી લાંબું અંતર હતું. બીજો રેકોર્ડ 24 કલાકની અંદર સતત 10,000 મેટ્રિક ટનથી વધુ બિટ્યુમિનસ કોંક્રિટ નાખીને સ્થાપિત કરવામાં આવ્યો, જે એક દિવસમાં સૌથી વધુ જથ્થો છે.
- **ભારતીય રેલવે** વિશ્વની સૌથી મોટી વીજળીકૃત રેલ સિસ્ટમ બની. ભારતનું અંદાજે 70,000 kmનું નેટવર્ક વીજળી સંચાલિત છે.



## 9 જાન્યુઆરી

- ડેવલપ ઇન્ડિયા યંગ લીડર્સ (વિકસિત ભારત યુવા નેતા) ડાયલોગ 2026ની બીજી આવૃત્તિ નવી દિલ્હીમાં યોજાશે. ઈસરોના અવકાશયાત્રીઓ ગ્રુપ કેપ્ટન સુભાંશુ શુક્લા અને ગ્રુપ કેપ્ટન પ્રશાંત નાયર યુવાનો સાથે વાતચીત કરશે. ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર આ અનૌપચારિક સંવાદમાં જોડાશે.

- UIDAI એ આધાર માટે **'ઉદય'** નામનો એક નવો માસ્કોટ લોન્ચ કર્યો છે. UIDAI એ MyGov પ્લેટફોર્મ પર રાષ્ટ્રવ્યાપી માસ્કોટ ડિઝાઇન સ્પર્ધા શરૂ કરી હતી. માસ્કોટ ડિઝાઇન શ્રેણીમાં, કેરળના ત્રિશૂરના **અરુણ ગોકુલે** પ્રથમ ઇનામ જીત્યું. ભોપાલની **રિયા જૈને** નામકરણ શ્રેણીમાં પ્રથમ ઇનામ જીત્યું. UIDAIના ચેરમેન **નીલકંઠ મિશ્રાએ** માસ્કોટનું અનાવરણ કર્યું.

- કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ એક નવું સંકલિત ડિજિટલ પોર્ટલ **'પંખુરી'** લોન્ચ કર્યું. તેનો ઉદ્દેશ્ય ભારતમાં મહિલાઓ અને બાળકોના જીવનની ગુણવત્તામાં સર્વાંગી સુધારો કરવાનો છે.

- નવી દિલ્હી વિશ્વ પુસ્તક મેળો 2026ની 53મી આવૃત્તિ 10 થી 18 જાન્યુઆરી દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. પહેલી વાર, નવી દિલ્હી વિશ્વ પુસ્તક મેળામાં મુલાકાતીઓ માટે પ્રવેશ મફત જાહેર કરવામાં આવ્યો છે. 2026 ની આવૃત્તિ માટે કતારને મહેમાન દેશ તરીકે જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે સ્પેનને ફોકસ દેશ તરીકે પસંદ કરવામાં આવ્યું છે. આ પુસ્તક મેળામાં થીમ **'ભારતીય લશ્કરી ઇતિહાસ: 75 વર્ષનો બહાદુરી અને શાણપણ'** રાખવામાં આવી છે.

- 18મું પ્રવાસી ભારતીય દિવસ સંમેલન 2025 દરમિયાન ઓડિશાના **ભુવનેશ્વરમાં** યોજાયું હતું. તેનો વિષય **'વિકાસશીલ ભારતમાં ડાયસ્પોરાનું યોગદાન'** હતો.

- પ્રવાસી ભારતીય દિવસ **દર બે વર્ષે 9 જાન્યુઆરીએ** ઉજવવામાં આવે છે. આ દિવસ 1915માં મહાત્મા ગાંધીના દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ફરવાની યાદમાં ઉજવવામાં આવે છે. પ્રથમ પ્રવાસી ભારતીય દિવસ **2003માં** ઉજવવામાં આવ્યો હતો. પ્રવાસી ભારતીય દિવસ સંમેલન 2003થી 2015 સુધી દર વર્ષે યોજાતું હતું. **2015** પછી તેનું ફોર્મેટ બદલીને દર બે વર્ષે એક વખત કરવામાં આવ્યું.

## 10 જાન્યુઆરી

- ડીઆરડીઓએ સ્ક્રેમજેટ એન્જિનનું લાંબા ગાળાનું ગ્રાઉન્ડ ટેસ્ટિંગ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. આ પરીક્ષણ હૈદરાબાદમાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી (DRDL)ની સ્ક્રેમજેટ કનેક્ટ પાઇપ ટેસ્ટ (SCPT) સુવિધા ખાતે હાથ ધરવામાં આવ્યું હતું. આ પરીક્ષણ સાથે, ભારત અદ્યતન હાઇપરસોનિક ક્ષમતાઓ ધરાવતા દેશોના પસંદગીના જૂથમાં જોડાઈ ગયું છે. હાઇપરસોનિક ક્રુઝ મિસાઇલો મેક 5 (6,100 કિલોમીટર પ્રતિ કલાક)થી વધુ ઝડપે ઉડવા માટે ડિઝાઇન કરવામાં આવી છે.

- ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ 2026માં **તમિલનાડુ** મેડલ લિસ્ટમાં પ્રથમ સ્થાને રહ્યું.

- જૈવવિવિધતા સંરક્ષણને મજબૂત બનાવવા માટે મધ્યપ્રદેશ અને આસામ વચ્ચે આંતર-રાજ્ય વન્યજીવન વિનિમય કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. ગુવાહાટીમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ

અને આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા વચ્ચે થયેલી બેઠક બાદ આ કરાર થયો હતો. આ કરાર હેઠળ, આસામ આગામી ત્રણ વર્ષમાં 50 જંગલી ભેંસોને મધ્યપ્રદેશમાં સ્થળાંતર કરશે. એક શિંગડાવાળા ગેંડાની જોડી અને ત્રણ કિંગ કોબ્રા પણ મધ્યપ્રદેશ મોકલવામાં આવશે. શરૂઆતમાં, આ પ્રાણીઓને વાતાવરણને અનુકૂલન અને દેખરેખ માટે ભોપાલના વન વિહાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં રાખવામાં આવશે. બદલામાં, મધ્યપ્રદેશ આસામને વાઘની જોડી અને છ મગર આપશે. દેહરાદૂન સ્થિત વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (WII) દ્વારા હાથ ધરવામાં આવેલા એક મોટા અભ્યાસમાં કાન્હા ટાઇગર રિઝર્વને તેના વિપુલ પ્રમાણમાં ઘાસના મેદાનો, પાણીના સ્ત્રોતો, ઓછામાં ઓછા માનવ હસ્તક્ષેપ અને શાકાહારીઓની સ્વસ્થ વસ્તીને કારણે પ્રાણીઓના પુનઃપ્રવેશ માટે સૌથી યોગ્ય સ્થળ તરીકે ઓળખવામાં આવ્યું છે.

- પ્રખ્યાત પર્યાવરણશાસ્ત્રી **માધવ ગાડગીલનું** અવસાન થયું. માધવ ગાડગીલને પશ્ચિમ ઘાટના ઇકોલોજી અને સંરક્ષણ પરના તેમના અગ્રણી કાર્ય માટે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા આપવામાં આવી હતી. 2024માં તેમને સંયુક્ત રાષ્ટ્રના સર્વોચ્ચ પર્યાવરણીય સન્માન, **ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ'** એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. તેમના સીમાચિહ્નરૂપ અહેવાલમાં પશ્ચિમ ઘાટના પર્યાવરણીય રીતે સંવેદનશીલ વિસ્તારોમાં વિકાસ પર કડક પ્રતિબંધોની ભલામણ કરવામાં આવી હતી. અહેવાલમાં પથ્થર ખોદકામ, નવા રસ્તાઓ અને ઢાળવાળા ઢોળાવ પર બાંધકામ પર પ્રતિબંધ જેવા પગલાં સૂચવવામાં આવ્યાં હતાં.

- **ઉત્તરાખંડ પોલીસે** ICJS 2.0 રાષ્ટ્રીય રેન્કિંગમાં પ્રથમ સ્થાન મેળવ્યું. આ સિદ્ધિ નેશનલ ક્રાઇમ રેકોર્ડ્સ બ્યુરો દ્વારા બહાર પાડવામાં આવતા માસિક CCTNS/ICJS પ્રોગ્રેસ ડેશબોર્ડ રિપોર્ટ પર આધારિત છે.

- વર્ષ **2030** સુધીમાં ભારતમાંથી સંપૂર્ણ બાળવિવાહ સમાપ્ત કરવા માટે સરકારે બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન અંતર્ગત લક્ષ્યાંક આપ્યા. આ અભિયાન અંતર્ગત 2026 સુધીમાં બાલ વિવાહનો દર 10 ટકાથી ઓછો કરવાનો લક્ષ્યાંક છે. છતીસગઢનો બાલોદ ભારતનું પ્રથમ બાળવિવાહ મુક્ત જિલ્લો છે. આ પહેલ મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી છે.

- દર વર્ષે **10 જાન્યુઆરીએ** વિશ્વ હિંદી દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ 10 જાન્યુઆરી 1975ના રોજ નાગપુરમાં આયોજિત પ્રથમ વિશ્વ હિંદી પરિષદની વર્ષગાંઠની યાદમાં ઉજવવામાં આવે છે. 1975માં, તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ મહારાષ્ટ્રના **નાગપુરમાં** પ્રથમ વિશ્વ હિંદી સંમેલનનું આયોજન કર્યું હતું. વર્ષ **2006માં**, તત્કાલીન વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહે પ્રથમ વિશ્વ હિંદી દિવસ ઉજવ્યો હતો. હિંદી દુનિયામાં ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા છે. ભારતમાં દર વર્ષે **14 સપ્ટેમ્બરે** રાષ્ટ્રીય હિંદી દિવસ ઉજવવામાં આવે છે.

## 11 જાન્યુઆરી

- અરુણાચલ પ્રદેશના **કેયી પન્યોર** જિલ્લાને ભારતના પ્રથમ **'બાયો-હેપ્પી ડિસ્ટ્રિક્ટ'** તરીકે વિકસાવવા માટે કાર્ય શરૂ કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટ એમએસ સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. બાયોહેપ્પીનેસનો ખ્યાલ મૂળ રૂપે સ્વર્ગસ્થ વૈજ્ઞાનિક **એમ. એસ. સ્વામીનાથન** દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ જિલ્લામાં આજીવિકા, કૃષિ-જૈવવિવિધતા અને પર્યાવરણીય ટકાઉપણાનું મૂલ્યાંકન કરશે. બાયોહેપ્પીનેસ જૈવવિવિધતા સંરક્ષણ અને કુદરતી સંસાધનોના ટકાઉ ઉપયોગ દ્વારા માનવ સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

- તમિલનાડુ સરકારે **ભારતની પ્રથમ સમર્પિત ડીપ ટેક સ્ટાર્ટઅપ નીતિનું** અનાવરણ કર્યું. આ નીતિને **તમિલનાડુ ડીપ ટેક સ્ટાર્ટઅપ પોલિસી 2025-2026 (TNDTSP)** નામ આપવામાં આવ્યું છે. આ પહેલનો ઉદ્દેશ્ય તમિલનાડુને દેશના અગ્રણી ડીપ ટેક હબ તરીકે સ્થાપિત કરવાનો છે. આ નીતિના મુખ્ય ઉદ્દેશ્યોમાં નાના અને મધ્યમ ઉદ્યોગોનું આધુનિક નવીનતા, ઔદ્યોગિક વિકાસ અને સશક્તિકરણનો સમાવેશ થાય છે. આ નીતિમાં 100 ડીપ ટેક સ્ટાર્ટઅપ્સને ટેકો આપવા અને 100 કરોડ રૂપિયાનું રોકાણ એકત્ર કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

- **મનોજ કુમાર ગુપ્તા** ઉત્તરાખંડ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ નિયુક્ત કરવામાં આવ્યા.

- વિશાખાપટ્ટનમમાં, આંધ્ર યુનિવર્સિટી કેમ્પસમાં શેરીઓ સાફ કરતી મહિલા સફાઈ કાર્યકર **લક્ષ્મમ્માએ** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના જીવન પર એક પુસ્તકનું વિમોચન કર્યું. પુસ્તકનું શીર્ષક **'અગ્નિ સરસોલો વિકાસચિના કમલમ દ્રૌપદી મુર્મુ'** છે. આ પુસ્તકના લેખક ભૂતપૂર્વ સાંસદ અને વિશ્વ હિંદી પરિષદના પ્રમુખ **યાર્લાગડ્ડા લક્ષ્મી પ્રસાદ** છે. આ શીર્ષક પ્રતીકાત્મક રીતે રાષ્ટ્રપતિ મુર્મુના સંઘર્ષથી ભારતના સર્વોચ્ચ બંધારણીય પદ સુધીના પ્રવાસને દર્શાવે છે.

## 12 જાન્યુઆરી

- ભારત અને ફીજી કૃષિ સહયોગ પરના તેમના હાલના સમજૂતી કરારને વધુ પાંચ વર્ષ માટે લંબાવવા સહમત થયા. ભારતના કૃષિ મંત્રી **શિવરાજ સિંહ ચૌહાણ** અને ફીજીના કૃષિ અને જળમાર્ગ મંત્રી **તોમાસી ટુનાબુના** વચ્ચે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય વાટાઘાટો યોજાઈ હતી.

- પ્રસાર ભારતીએ **ડીડી ન્યૂઝ પર 'ક્રિએટર્સ કોર્નર'** નામનો એક નવો સેગમેન્ટ શરૂ કર્યો. આ પહેલનો ઉદ્દેશ્ય ઉભરતા ડિજિટલ સામગ્રી નિર્માતાઓને રાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. આ પહેલ ભારતની નારંગી અર્થવ્યવસ્થા (જેને સર્જનાત્મક અર્થતંત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે)ને મજબૂત બનાવવાના સરકારના વિઝનને સમર્થન આપે છે. 'ક્રિએટર્સ કોર્નર' સોમવારથી શુક્રવાર સાંજે 7 વાગ્યે ડીડી ન્યૂઝ પર પ્રસારિત થશે. દરેક એપિસોડમાં સંસ્કૃતિ, શિક્ષણ, આરોગ્ય, વિજ્ઞાન અને મનોરંજન જેવા વિષયો પર ટૂંકા વિડીયો દર્શાવવામાં આવશે. પ્રસાર ભારતી એક સ્વાયત્ત વૈધાનિક સંસ્થા છે. તેની રચના 1997માં થઈ હતી.

- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા નેશનલ સિક્યુરિટી ગાર્ડ (NSG)ની નેશનલ IED ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ (NIDMS)નું ઉદ્ઘાટન કર્યું. NIDMS આતંકવાદી ઘટનાઓની તપાસ અને વિસ્ફોટોના પેટર્નના વિશ્લેષણમાં અને આતંકવાદ સામે લડવા માટે અસરકારક વ્યૂહરચના ઘડવામાં મદદ કરશે. તેનાથી વિસ્ફોટ અથવા IED ઘટના સંબંધિત ડેટા અપલોડ અને વિશ્લેષણ કરી શકાય છે.

- એડવાન્સિસ ઇન એટમોસ્ફેરિક સાયન્સ જર્નલમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ ગયા વર્ષે સમુદ્રની ગરમીનું પ્રમાણ ઝડપથી વધ્યું. મહાસાગરોની ગરમીનું પ્રમાણ લગભગ **23 ઝેટાજુલ** ઊર્જા જેટલું વધ્યું. એક ઝેટાજુલ એક સેક્સટિલિયન (1021) જુલ બરાબર છે. આ સંશોધન 31 સંસ્થાઓના 50 થી વધુ વૈજ્ઞાનિકો દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે મહાસાગરોના સતત ગરમ થવાથી સમુદ્રની સપાટીમાં વધારો થાય છે અને ગરમીના મોજાની તીવ્રતામાં વધારો થાય છે.

- 12 જાન્યુઆરીએ **સ્વામી વિવેકાનંદની** યાદમાં **રાષ્ટ્રીય યુવા દિવસ** મનાવવામાં આવે છે.

- ભારતીય ટપાલ વિભાગે **સ્પીડ પોસ્ટ 24** અને **સ્પીડ પોસ્ટ 48** સેવાઓ શરૂ કરી. આનાથી 24 અને 48 કલાકમાં ડિલિવરીને સુનિશ્ચિત કરવામાં આવશે.

## 13 જાન્યુઆરી

- ભારતની બિન-અશ્મિભૂત ઇંધણ આધારિત સ્થાપિત ક્ષમતા 2025માં વધીને 266.78 GW થવાની ધારણા.

- ભારત અને ઇઝરાયલ વચ્ચે મત્સ્યઉદ્યોગ અને જળચરઉછેરમાં સહયોગ વધુ મજબૂત બનાવવામાં આવશે.

- ભારતીય હોકી ખેલાડી **દવિંદરસિંહ ગરચાનું** અવસાન થયું. તેઓ 1980ના મોસ્કો ઓલિમ્પિકમાં ભારતની સુવર્ણ ચંદ્રક વિજેતા ટીમના સભ્ય હતા. તેમના યોગદાનને કારણે ભારતે પુરુષોની હોકીમાં આઠમો અને અંતિમ ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક મેળવ્યો.

- ભારતમાં મત્સ્ય ઉત્પાદન વર્ષ 2013/14ની સાપેક્ષે વર્ષ 2024/25માં 198 લાખ ટન થયું. જે કુલ 109%ની વૃદ્ધિ દર્શાવે છે. આ સાથે ભારત વિશ્વમાં **બીજો** મત્સ્ય ઉત્પાદક દેશ બન્યો. ભારત વૈશ્વિક માછલી ઉત્પાદનમાં લગભગ 8% યોગદાન આપે છે.

- DRDOએ ત્રીજી પેઢીના મેન-પોર્ટેબલ એન્ટી-ટેન્ક ગાઇડેડ મિસાઇલ (MPATGM)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. આ મિસાઇલ **'ફાયર-એન્ડ-ફોર્જ'** માર્ગદર્શન પ્રણાલીને અનુસરે છે અને તે હુમલાની ક્ષમતાથી સજ્જ છે. આ પરીક્ષણ મહારાષ્ટ્રના અહિલ્યા નગરમાં કેકે રેન્જ ખાતે ગતિશીલ લક્ષ્ય પર કરવામાં આવ્યું હતું. MPATGM સંપૂર્ણપણે સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવ્યું છે. તે લક્ષ્યોને શોધવા માટે ઇમેજિંગ ઇન્ફ્રારેડ હોમિંગ સીકરનો ઉપયોગ કરે છે. આ મિસાઇલ બખ્તરબંધ સંરક્ષણને ભેદવા માટે ડ્યુઅલ વોરહેડથી સજ્જ છે અને તેમાં સંપૂર્ણપણે ઇલેક્ટ્રિકલી સંચાલિત નિયંત્રણ સિસ્ટમ છે.

## 14 જાન્યુઆરી

- ભારતમાં દર વર્ષે ઉત્તર ભારતમાં ખાસ કરીને **પંજાબ, હરિયાણા** અને **હિમાચલ પ્રદેશમાં** લોહરીનો તહેવાર મનાવવામાં આવે છે. તે ખુશી, સ્નેહ અને ભાઈચારોનો ઉત્સવ છે. લોહરી પાકેલા પાકના આનંદ અને સૂર્યના ઉત્તર તરફ પ્રયાણનું પ્રતીક છે. પંજાબમાં જલંધરના એક ગામમાં 'ધ્યાન દી લોહરી' (દીકરીઓની લોહરી) ઉજવવામાં આવી હતી, જ્યાં 5100 નવજાત બાળકીઓનું સન્માન કરવામાં આવ્યું.

- **કે. એમ. કરિઅપ્પાની** વિરાસત અને સેવાને સન્માનિત કરવા માટે 14 જાન્યુઆરીએ **રક્ષા દળ વયોવૃદ્ધ દિવસ** મનાવવામાં આવે છે. શ્રી કરિઅપ્પા ભારતીય સેનાના પ્રથમ કમાન્ડર ઇન ચીફ હતા જેઓ 1953માં આ દિવસે સેવાનિવૃત થયા હતા.

- **વિરાટ કોહલી** આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન (28,068) બનાવનાર બીજા નંબરના ખેલાડી બન્યા. **સચિન તેંડુલકર** 34,357 રન સાથે પ્રથમ નંબરે છે.

## 15 જાન્યુઆરી

- દ્વિતીય વિશ્વયુદ્ધની સમાપ્તિ બાદ પ્રથમ વાર **ફ્રાન્સમાં** વર્ષ 2025માં જન્મની તુલનાએ મૃત્યુ દરમાં વધારો જોવા મળ્યો. ફ્રાન્સ વર્તમાનમાં વધતી ઉંમરની આબાદીથી પ્રભાવિત થઈ રહ્યું છે.
- આંતરરાષ્ટ્રીય મસાલા પરિષદ (ISC 2026)ની નવમી આવૃત્તિ કોચીમાં યોજાશે. આ કાર્યક્રમ "મસાલા 360 ગેટિંગ રેડી ફોર ધ ફ્યુચર" થીમ પર આધારિત હશે.
- હેનલી પાસપોર્ટ ઇન્ડેક્સ 2026માં ભારતીય પાસપોર્ટ પાંચ સ્થાન આગળ વધીને **80મા** ક્રમે છે, જે 55 સ્થળોએ વિઝા-મુક્ત અથવા વિઝા-ઓન-અરાઇવલ ઍક્સેસ આપે છે. આ યાદીમાં **સિંગાપોરે** ટોચનું સ્થાન મેળવ્યું. જાપાન અને દક્ષિણ કોરિયા સંયુક્ત રીતે બીજા ક્રમે છે. **અફઘાનિસ્તાન** યાદીમાં સૌથી નીચે, 101મા ક્રમે છે.
- **ત્રિપુરા ગ્રામીણ બેંક** દ્વારા ભારતની પ્રથમ સૌર ઊર્જા સંચાલિત ATM વાન લોન્ચ કરાઇ. હાલમાં, બેંક દ્વારા ત્રણ સૌર ઉર્જાથી ચાલતી ATM વાન ચલાવવામાં આવી રહી છે જે સરળ અને પર્યાવરણને અનુકૂળ સેવાઓ પૂરી પાડે છે.
- **અનુપ કુમાર સાહાને** કોટક મહિન્દ્રા બેંકના પૂર્ણ-સમયના ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેમણે આઠ વર્ષથી વધુ સમયથી બજાજ ફાઇનાન્સમાં મેનેજિંગ ડિરેક્ટર તરીકે સેવા આપી છે.

